નવી બાબત - ૨૦૧૨-૧૩
સિધ્ધપુર ખાતે માતૃવંદના ઉત્સવ દરમ્યાન સાંસ્કૃતિક કાર્યક્રમના આયોજન માટેની નવી બાબતની રૂા.૫૦.૦૦/- લાખના ખર્ચની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
ઠરાવ ક્રમાંક: યસપ-૧૦૨૦૧૨-૧૧૪-અ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૭/૦૪/૨૦૧૨

વંચાણે લીધા:-

- કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ,ગાંધીનગરનો તા.૧૮/૧/૨૦૧૨નો પત્ર ક્રમાંક: યસપ/ઉજવ/નવી બાબત/૨૦૧૨-૧૩/ગ-૨.

ઠ રા વ :-

ઉપરોક્ત વંચાણે લીધેલ કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર દ્વારા સિધ્ધપુર ખાતે માતૃવંદના ઉત્સવ દરમ્યાન સાંસ્કૃતિક કાર્યક્રમના આયોજન કરવા માટેની નવી બાબતની રૂા.૫૦.૦૦/- લાખ(અંકે રૂપિયા પચ્ચાસ લાખ પુરા)ની સને ૨૦૧૨-૧૩ના અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૮-૨૨૦૫- કલા અને સંસ્કૃતિ-૧૦૨-કલા અને સંસ્કૃતિને ઉતેજન-૦૮-એઆરટી-૦૮- કમિશ્નરશ્રી,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, (આયોજન) હેઠળ કરેલ જોગવાઇ મુજબ ખર્ચની વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

૨. સદરહુ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે સિધ્ધપુર ખાતે માતૃવંદના ઉત્સવ દરમ્યાન સાંસ્કૃતિક કાર્યક્રમના આયોજન કરવા માટેની નવી બાબતની રૂા.૫૦.૦૦/-લાખ(અંકે રૂપિયા પચ્ચાસ લાખ પુરા) ની જોગવાઇની મર્યાદામાં ખર્ચ કરવાની નીચે દર્શાવેલ શરતોને આધિન રહીને વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) ૨૦૧૨-૧૩ના વર્ષના અંદાજપત્રમાં થયેલ જોગવાઇને આધિન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે જો કોઈપણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે રાજય સરકારશ્રીના પ્રવર્તમાન ધારા ધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૩) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પ્રવર્તમાન બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) રજુ કરેલા અંદાજોની સક્ષમ કક્ષાએ ખરાઈ કરાવી લેવાની રહેશે.

(૫) પ્રસ્તુત કામ માટે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૩/છ ના તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે ઈ- ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ / સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) પ્રસ્તુત યોજના અન્વયે નાણાંકીય ખર્ચ કરતા પહેલાં સમગ્ર વિગતો નાણા વિભાગ સમક્ષ રજુ કરવાની રહેશે.

૪. આ અંગેનો ખર્ચ સને ૨૦૧૨-૧૩ના અંદાજપત્રના માંગણી ક્રમાંકઃ ૯૮-૨૨૦૫- કલા અને સંસ્કૃતિ-૧૦૨-કલા અને સાંસ્કૃતિને ઉત્તેજન-૦૧-એઆરટી-૦૮ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ,આયુકતની સંસ્કૃતિક પ્રવૃત્તિઓ -(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૬/૩/૨૦૧૨ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.કે. શ્રીવાસ્તવ)
સેકશન અધિકારી,
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

૧. માન.મંત્રીશ્રી ( રમતગમત યુવા અને સાં.પ્રવૃત્તિઓ) સચિવાલય, ગાંધીનગર.
૨. સચિવશ્રી, રમતગમત યુવા અને સાં.પ્રવૃત્તિઓ, સચિવાલય, ગાંધીનગર.
૩. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
૪. નાણા વિભાગ, બજેટ શાખા,સચિવાલય, ગાંધીનગર.
૫. પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર/અમદાવાદ.
૬. તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
૭. નાણા સલાહકારશ્રી(શિક્ષણ), સચિવાલય, ગાંધીનગર.
૮. કમિશ્નરશ્રી,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર.
૯. સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર.
૧૦. સેકશન અધિકારીશ્રી,ક-શાખા,રમતગમત, યુવા અને સાંસ્કૃકિ પ્રવૃતિઓ વિભાગ, સચિવાલય ગાંધીનગર.
૧૧. સેકશન અધિકારીશ્રી, ખ- શાખા, રમતગમત, યુવા અને સાંસ્કૃકિ પ્રવૃતિઓ વિભાગ,સચિવાલય ગાંધીનગર.
૧૨. નાયબ સેકશન અધિકારીશ્રી,સીલેકટ ફાઇલ.
૧૩. શાખા સીલેકટ ફાઇલ.